ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



વાસુદેવ ગોપાલજી ઠાકોર
મો. ૯૯૦૯૫ ૧૨૯૦૬



ક્રિશા નિરજકુમાર પટેલ
મો. ૯૮૭૯૫ ૬૪૭૯૩

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

### દિપાવલી પર્વ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ઍમ બી પટેલ સ્કૂલ ખાતે સર્જનાત્મક કલા સ્પર્ધા યોજાઈ











સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે દિપાવલી પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મક કલાઓની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપક્રમ અંતર્ગત રંગોળી, કૂકીંગ અને મહેંદી સ્પર્ધા યોજાઈ હતી, જેમાં અનુક્રમે ૧૯, ૧૫ અને ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રંગોળી સ્પર્ધામાં અનુક્રમે વૈષ્ણવી સિંગ, આસ્થા નાયર, શોએબ શેખ, કૂકીંગ સ્પર્ધામાં પ્રથમ શ્રુતિ તિવારી, દ્વિતિય જશ દવે અને શ્રીરંગ પાઠક તથા તૃતિય સ્થાને દિવ્યંકા પારેખ, હર્ષા ઘેયાણી, કાવ્યા વ્યાસ વિજેતા બન્યાં હતાં. મહેંદી સ્પર્ધામાં અનુક્રમે નુસહત પટેલ, બ્રિન્દા પટેલ અને અંજલી ડામોર વિજેતા બન્યાં હતાં. મહેંદી સ્પર્ધામાં સઘળી કિશોરીઓ વચ્ચે ભાગ લેનાર એકમાત્ર કિશોર શિવ પ્રતાપ નાયરને ખાસ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ. વેદાંગી પરીક્ષિત દવે અને ડૉ. કોશા નાણાવટીએ પોતાની સેવાઓ આપી હતી.

# શેઠ સી ઍમ હાઈસ્કૂલ ખાતે વાલીઓની મીટિંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

શેઠ સી ઍમ હાઈસ્કૂલ અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે પ્રથમ પરીક્ષામાં ધો-૧૦ માં બધા જ વર્ગના જે વિદ્યાર્થીઓનું પરિણામ નબળું હતું એવા વિદ્યાર્થીઓના વાલીઓની મિટિંગ યોજેલ હતી. તેમાં ૧૫૦ વાલી હાજર હતા.

વાલી મિટિંગમાં વાલીઓના પોતાના બાળકને આવનાર પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થાય તેવું પરીક્ષાલક્ષી માર્ગદર્શન અને શાળાકીય કાર્યક્રમની જાણકારી શાળા દ્વારા કરવામાં આવી. આયોજનની માહિતી શાળાનાં શિક્ષકો દ્વારા આપવામાં આવી અને હવે બોર્ડની પરીક્ષાના સમય દરમ્યાન પોતાનું બાળક હતાશ ન થાય અને પધ્ધતિસરની મહેનત કરે તેવા યોગ્ય સૂચનો કરવામાં આવ્યા.

આ મિટિંગમાં વાલીઓએ પણ શાળામાંથી કરવામાં આવેલ સૂચનો અને માર્ગદર્શન ખૂબ રસપૂર્વક બિરદાવ્યા હતા. અને વાલીઓએ પણ આ મિટિંગ અંગે પણ યોગ્ય સૂચનો કર્યા હતા.કે આ મિટિંગથી અને અમારા બાળકની ખૂબ કાળજી લઈ સારી પરીક્ષા આપે તેવા પ્રયત્નો કરીશું. તેવી વાલીઓએ બાંહેધરી આપી હતી. આમ વાલીમિટિંગ ખૂબ જ સંતોષકારક, અસરકારક અને સફળ રહી. એચ. એમ. અસારી, સંજયભાઈ આર પટેલ, એમ.પી.વડાલિયા, કનુભાઈ એમ પટેલ, દશરથભાઈ એન પટેલ, એમ.આર.ખોરસ્મા, હસમુખભાઈ બી પટેલ વગેરે શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને પરિણામલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય બી.કે.પટેલ સાહેબ, સુપરવાઈઝર પ્રહલાદભાઈ એસ પટેલે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યુ હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે દિપાવલી પર્વ નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે રંગોળી અને ધોરણ-૩થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે દિપાવલી કાર્ડ મેકિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રત્યેક ધોરણદીઠ વિજેતાને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. સૌ વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલ તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

ખુદથી વધારે
સંભાળીને રાખું છું
મારા મોબાઈલ ફોનને.....
કારણ કે હવે
બધા જ સંબંધો
એમાં સચવાઈને રહ્યા છે...!

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦,
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
શિવાય
૧૦.૦૦
એ દિલ હૈ મુશ્કિલ
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
એ દિલ હૈ મુશ્કિલ
૧૧.૦૦
શિવાય
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના સાત વિદ્યાર્થીઓ નાસાની મુલાકાત લેશે

### વિદ્યાર્થીઓ નાસાના કૅનેડી સ્પેસ સેન્ટરની મુલાકાત ઉપરાંત ડિઝનીલૅન્ડ, નાયગ્રા ફૉલ્સ અને ન્યૂયૉર્ક શહેરના અનોખા પ્રવાસની મજા પણ માણશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરનું શિક્ષણજગત દેશના સીમાડા છોડી આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચી ચૂક્યું છે અને પોતાના ઈતિહાસમાં નવાં પરિમાણો ઉમેરતું જાય છે. આવા જ એક વધુ સમાચાર પ્રાપ્ત થયા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ૭ જેટલા વિદ્યાર્થીઓ નાસાની મુલાકાતે જઈ રહ્યા છે.

આગામી તારીખ ૩ નવેમ્બરથી ૧૩ નવેમ્બર દરમ્યાન આયોજિત આ પ્રવાસમાં વિદ્યાર્થીનીઓની સાથે સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન પણ જોડાઈ રહ્યા છે. ધોરણ-૯થી ૧૨ના આ વિદ્યાર્થીઓમાં નૈસર્ગી જોષી, પ્રથવી ચૌધરી, દેવાંગી પટેલ, લવ પટેલ, હેત્વી પટેલ, રૂદ્રાક્ષ જોષી, સમીર પટેલ સામેલ છે. સ્કૂલના વિદ્યાર્થીઓનું આ જૂથ નાસાના કૅનેડી સ્પેસ સેન્ટરની મુલાકાત લેશે ઉપરાંત ડિઝનીલૅન્ડ, નાયગ્રા ફૉલ્સ અને ન્યૂયૉર્ક શહેરના પ્રવાસની મજા પણ માણશે. શહેરના શિક્ષણપ્રેમીઓ તરફથી આ જૂથને આ ગૌરવપ્રદ પ્રવાસ માટે શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

## જૈન સોશ્યલ ગ્રુપ દ્વારા વૃદ્ધ-વિકલાંગને દિવાળીમાં વિતરણ

ગાંધીનગર, તા.૨૭

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગર દ્વારા દિપાવલી નિમિત્તે ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ ખાતે આશ્રય લઈ રહેલ વૃદ્ધ વિકલાંગ તથા ગરીબ પ્રજાજનોને શુધ્ધ ઘીનો મોહનથાળ, નમકીનના પેકેટસની વિતરણની ઉમદા પ્રવૃત્તિ હાથ ધરેલ છે. ૧૦૦૦થી વધુ પેકેટસનું વિતરણ કરવામાં આવી રહેલ છે. આ પ્રવૃત્તિ સંપૂર્ણપણે ગ્રુપના સભ્યોના આર્થિક સહયોગથી હાથ ધરેલ છે. ગ્રુપ ઉદાર હાથે ફાળો આપનારનો આભાર માને છે.

# જે બી પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન



ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે એક દિવસનો પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો.

સરદાર સરોવર, પોઈચા અને શ્રી સ્વામિનારાયણ મંદિરના આ એક દિવસીય પ્રવાસમાં ૧૫૬ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ ગુજરાતના પ્રવાસન સ્થળ, જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ અને જળવિદ્યુત મથકની મુલાકાત લીધી હતી અને નર્મદા નદીપ્રાકૃતિક સૌંદર્યને માણ્યું હતું. સાથે-સાથે પોઈચા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનનો મહા અભિષેક, આરતી વગેરેનાં દર્શન કર્યાં હતાં અને ભવ્ય પ્રદર્શન જોઈ ધાર્મિક, ઐતિહાસિક માહિતી પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ બોટીંગની મજા માણી વિદ્યાર્થીઓએ ભણતરનો ભાર પણ હળવો કર્યો હતો. સમગ્ર પ્રવાસ માહિતીસભર અને આનંદસભર રહ્યો હતો.

# આદર્શ નિવાસી શાળાનો એથ્લેટીક્સમાં શ્રેષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨૭

આદર્શ નિવાસી શાળા (અનુસૂચિત જાતિ) કન્યા, સૅક્ટર-૮, ગાંધીનગરની વિદ્યાર્થીની ચંદ્રિકા પંચાલે જિલ્લાકક્ષાની દોડ સ્પર્ધામાં ભાગ લઈ દ્વિતિય ક્રમ તથા રાધિકા મકવાણાએ ૮૦૦ મીટર દોડમાં દ્વિતિય ક્રમનું વિજેતાપદ મેળવ્યું છે.

શાળાનું ગૌરવ વધારનાર આ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર વતી કુસુમબેન ચૌહાણે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વાલી સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓની વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટીંગ દરમ્યાન વાલીઓ તેમનાં સંતાનોના પરિણામ તથા અભ્યાસ અંગે માહિતગાર થાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આચાર્ય સંતોકબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે વર્ગ સુશોભન તથા રંગોળી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેના કારણે સમગ્ર શાળામાં ઉત્સવ જેવો માહોલ પ્રગટ થયો હતો.

# પ્રત્યેકના દિલમાં સ્નેહના દીવડા પ્રગટે એ દિવાળી

પૃથ્વી ઉપરનું તાપમાન, હવામાન, વાતાવરણ જેમ પ્રકૃતિથી વિરુદ્ધ રીતે બદલાતું જાય છે તે મુજબ માનવીય વિશ્વમાં પણ લોકો વૈચારિક રીતે, કર્મ અને વ્યવહારની દષ્ટિએ બદલાતા જ જાય છે. પરંતુ એવું પરિવર્તન હંમેશાં દુખદ થઈ જાય છે કે જ્યારે માનવતાનો એકડો ભૂંસાઈ જતો હોય! દરેકને જીવન જે મળ્યું છે તે ઈશ્વરની ભેટ છે અથવા કહીએ તો કર્મ ભોગવવા મળેલ નિશ્ચિત કાળ છે. આ જીવન સહેતુક અને અર્થપૂર્ણ હોય છે, એના પ્રબંધનમાં ઉપરવાળાની કોઈ ક્ષતિ હોતી નથી. જીવન જીવીને સાર્થક કરવાની તક માનવને જ ઉપલબ્ધ છે. અન્ય સજીવોને આવી તક મળતી નથી. વિશ્વમાં જુઓ તો તબાહી, ઉગ્રવાદ, હત્યાઓ, યુદ્ધ, ભૂખમરો અને લાચારીનું ઉદાસિનતાભર્યું દશ્ય નજરે પડે છે! માણસ માણસથી ફફડી જાય કે ભયભીત થઈ જાય એ જ ભયાનકતા છે કે સ્થિતિની ગંભીરતા છે. આદર્શની, પ્રેમની કે સહાનુભૂતિની વાતોમાં કોઈને ઋચિ નથી, બસ ઝડપથી સંપત્તિ મળી જાય એ વાતમાં જ ઉત્સુકતા વ્યાપક બની





જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

છે, જેને સૌ ભોગવાદના નામથી ઓળખે છે. ભોગવાદની લ્હાયમાં મામસ ખુદ શિકાર થઈ જાય છે.

ભોગ તો ખૂબ બળવાન અને લાંબું આયુષ્ય લઈને આવે છે. પરસ્પરમાં પ્રીતિ પ્રસરાવે એ ધર્મ એવું પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનું સૂત્ર આજના કલિયુગમાં સુખી જીવનનો મહામંત્ર છે! રામચરિત માનસના પ્રસંગો પરથી જીવન જીવવાનો ઉદેશ મળે છે. ત્યાગીને ભોગવવાનો આનંદ બેજોડ હોય છે. પણ ભોગવીને થાકી જવું એ વિનાશનો માર્ગ છે. મન જ બધાનું કારણ છે તેમાં શુદ્ધિ થવી એ ઉત્સવ છે. દિવાળીના દિવસોમાં ઘર-ઘર દિવડા પ્રગટે છે એટલે જીવનના સર્વ અંધકારને દૂર કરી પ્રકાશના કિરણો વ્યાપક બનાવે એ સાચા અર્થમાં દિવાળી છે.

વેદમાં પ્રાર્થના છે કે હે પ્રભુ! અમને સર્વ દિશાઓમાંથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. સ્વચ્છ દિલ-દિમાગ સમાજને સુખ, શાંતિ અને સમૃદ્ધિ તરફ લઈ જાય છે. સ્થૂળ કચરાઓ કારી સ્વચ્છ ભારતની ઝૂંબેશ સમયોજિત છે પરંતુ જે ગંદકી માનવીના દિલ-દિમાગમાં ભરી છે તેને દૂર કરવા દિપાવલી જેવા પર્વની ખૂબ જરૂરત છે. પ્રકાશ એ અગ્નિનું એક સ્વરૂપ છે, જે તમામ કાલિમાનો નાશ કરી શકે છે. સમાજમાં વ્યાપક ગંદકી જેવી કે અસત્ય વાતો, નિંદા, દ્વેષ, ઘૃણા, કઠોરતા ને ક્રૂરતા, નિષ્ઠાહિન વર્તન, અભદ્ર વાણી, કટુતા, સ્વેચ્છાચાર, બેવફાઈ, દગો, કપટ, હિંસા, શોષણ, આર્થિક, સામાજિક અન્યાય, કામચોરી, દંભ અને વ્યાપક ભ્રષ્ટાચાર આ દિવાળીના તેજોમય દિવડાના પ્રકાશથી નાશ પામે એ પ્રકારની પ્રજાની મૌન પ્રાર્થના જ્યારે ફળે ત્યારે દિવાળી ઉજવાય તેમ કહી શકીએ.

સ્વપ્નો વેચવા સહેલા છે અને કઠોર વાસ્તવિકતાને સ્વીકારવી બહુ અઘરી છે. કોઈને કદી લુખ્ખા આશ્વાસનો કે વચનો આપવાનું કામ નવા વર્ષથી થાય નહીં તેનો સંકલ્પ દરેકે લેવાની જરૂરિયાત છે. ગામડાની નાની હાટડીમાં રોજ સાંજે કાચની બોટલ કે બરણીમાં પાંચનું ખાવાનું તેલ, પાંચની ચાયપત્તી, પાંચની ખાંડ અને બાકી જે પૈસા વધ્યા હોય તેની તીસ નંબરની બીડીઓ લઈ જતાં મજૂરોને ત્યાં બેઠા નજરે જોયા હોય તો ખ્યાલ આવે કે આપણે શું સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે!! આ દશ્ય દિલને હચમચાવી મૂકે છે. દિવાળીની ઉજવણી વખતે મીઠાઈ મોંમાં મૂકતાં પહેલાં આવા લાખો પરિવારના જીવન સંઘર્ષને યાદ કરવો જ પડે કારણ કે તે ભારતવાસીઓ છે અને તેઓ આપણાં અંગ પૈકીનાં છે!

આવો, આપણે દિવાળીને સાચા હૃદયની ભાવનાથી ઉજવીએ ને દેશની આન-બાન-શાનને નવી રોશની તથા ઊંચાઈ આપીએ. નવું વર્ષ સૌને માટે સુખદાયી, શાંતિકારક અને ફળદાયી નીવડે એ શુભેચ્છા!

'તમે અને હું - આવો, એક થઈને નવા વર્ષથી નેક થઈએ.'

# ખેલ મહાકુંભ અંતર્ગત સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ

### ૮ જેટલા ખેલાડીઓએ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી

ગાંધીનગર, તા. ૨૭

ખેલ મહાકુંભ અંતર્ગત ગ્રામ્ય અને શહેરીકક્ષાની સ્કેટીંગ સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં ભાગ લઈ ખેલાડીઓએ વિવિધ વિજેતાપદ પ્રાપ્ત કર્યાં હતાં.

હેલીક સોની, ક્રિષ્ના પટેલ, દેવાંશી પટેલ, જીલ કાકડિયા, રાજ તરેટીયા, પૂજા જાની, પરમ, ચાર્મી ચૌહાણ અને કુશાંગી રાણાએ આ વિજેતાપદ મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

ગાંધીનગરનું નામ રોશન કરનાર આ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય જિલ્લાકક્ષાએ જુડોમાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૭

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની જુડો સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ વિજેતા પદ મેળવ્યું હતું.

૩૬ કિગ્રાથી ૪૮ કિગ્રા જૂથમાં રિંકલ, મનીષા, જાહ્નવી, નિકીતા, યશ્વી, ધારા અને નયનાએ આ વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું, જેમને શાળાનાં આચાર્ય સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક વિનાક્ષીબેન સુતરિયા, લીલાબેન ચૌધરી અને હેતલબેન દેસાઈએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.